### પાલડિયા ગામ ખાતે જંગલની જમીનના વિવાદમાં ગામવાસીઓ ઉશ્કેરાયા

# અંબાજી પાસે પોલીસ પર તીરકામઠાંથી હુમલો

**જંગલખાતાના** કર્મચારી પર હુમલો, પોલીસ ઇન્સ્પેક્ટર ગોહિલના કાનના ભાગે તીર વાગ્યું

ગાંધીનગર : બનાસકાંઠાના અંબાજી નજીક પાલડિયા ગામ ખાતે જંગલની જમીનના વિવાદમાં સ્થાનિક લોકોનો ફોરેસ્ટ ઓફિસર તથા પોલીસ કર્મચારી વચ્ચે ઘર્ષણ થતાં મામલો બીચક્યો હતો. જેમાં ગામ લોકોએ પથ્થરમારો અને તીરકામઠા થી હુમલો કરતા પોલીસ ઈન્સ્પેક્ટરને ઈજા થવા પામી હતી. જ્યારે ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ તેમજ વનકર્મીઓના વાહનો પર પથ્થરમારો કર્યો હતો.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ બનાસકાંઠાના અંબાજી ગબ્બર રોડ ઉપર આવેલા પાલડિયા ગામમાં જંગલની જમીનના વિવાદમાં ગામ લોકો એકઠા થયા હતા. આ દરમિયાન પોલીસ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ પણ ત્યાં પહોંચ્યા હતા, તે દરમિયાન ગામ લોકો સાથે જમીન વિવાદને લઈ ઘર્ષણ થયું હતું. જેમાં ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ તથા વન અધિકારીઓ ઉપર પથ્થરમારો કરી તેમજ તીરકામઠું ચલાવી હુમલો કરતા માહોલ ગરમાયો હતો.

ગામ લોકો અને સરકારીકર્મીઓ વચ્ચે થયેલા ઘર્ષણમાં તીર વાગતા પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલને કાનના ભાગે ઈજાઓ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઉશ્કેરાયેલા ગામ લોકોએ પોલીસ અને વનકર્મીઓના વાહનો ઉપર પથ્થરમારો કરી આગ લગાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાની જાણ ઉચ્ચ પોલીસ અધિકારી તેમજ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓને થતા તાત્કાલિક પોલીસનો તેમજ વન અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

# રાજ્યમાં આગામી ચાર દિવસ કડકડતી ઠંડી વધશે

**કચ્છના** નલિયામાં 9.8 ડિગ્રી ઠંડી

ગાંધીનગરઃ પૂર્વીય પવનની અસર હેઠળ રાજ્યમાં શીત લહેરની અસર જોવા મળી રહી છે. ખાસ કરીને કચ્છ શીત લહેર ચપેટમાં આવી ગયું છે. નલિયાવાસીઓ કાતિલ ઠંડીની ધ્રુજી રહ્યા છે. આજે શનિવારે કચ્છના નલિયામાં 9.8 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. હવમાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજ્યમાં ખાસ કરીને આગામી ચાર દિવસ સુધી ઠંડી વધશે. નલિયા ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે શનિવારે ઠંડીનો ચમકારો વધ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સામાન્ય કરતાં સાવ નીચું તાપમાન નોંધાવવા પામ્યું છે. કચ્છમાં ઠંડી વધતા જનજીવનને અસર થવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી વધશે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીનો પારો સરેરાશ 30થી 32 ડિ.સે..ની આસપાસ રહ્યો હતો. હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે, રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 14 ડિ.સે., નલિયામાં 9.8 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 11 ડિ.સે., અમરેલી ડિ.સે. 11 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 13 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 15 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે., અમદાવાદમાં 14 ડિ.સે., ડીસામાં 13 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે.,વડોદરામાં 12 ડિ.સે., સુરતમાં 14 ડિ.સે. અને દમણમાં 15 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

## કચ્છમાં 3.9ની તીવ્રતાના ભૂકંપના આંચકા નોંધાયા

ગાંધીનગરઃ કચ્છમાં આજે બપોરે ફરી એક વખત ભૂકંપના આંચકા નોંધાયા હતા. ગઢસીસા વિસ્તારમાં ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. કચ્છમાં સામાન્ય રીતે થોડા થોડા દિવસે ભૂકંપના આંચકા અનુભવાતા હોય છે, ત્યારે આજે ફરી એક વખત કચ્છના ગઢસીસા વિસ્તાર આસપાસ બપોરના સમયે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપના આચકો રિકટલ્સ સ્કેલ ઉપર 3.9ની તીવ્રતા નોંધાઈ હતી. આ ભૂકંપના આંચકાનું કેન્દ્રબિંદુ ગઢસીસાથી 13 કિલોમીટર દૂર નોંધાયું હતું.

## એમેઝોન દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થા સાથે જોડાણની જાહેરાત કરી

સુરતઃ ભારતના લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમમાં પરંપરાગત કારીગરો, મહિલાઓની આગેવાની હેઠળના સાહસો, ઉભરતા સ્ટાર્ટઅપ્સ અને સંશોધન-આધારિત નવીનતાને મદદરૂપ થવા માટે એમેઝોન ઈન્ડિયાએ આજે ભારત સરકાર દ્વારા સંચાલિત અનેક સંસ્થાઓ સાથે જોડાણની જાહેરાત કરી હતી. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MoMSME), ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) અને રેલવે મંત્રાલય હેઠળના ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય (GSV) સાથેની આ ભાગીદારીનો ઉદ્દેશ્ય બજાર સુધીની પહોંચને વિસ્તૃત કરવાનો, ક્ષમતા નિર્માણ કરવાનો અને ભારતની આર્થિક પ્રાથમિકતાઓમાં અર્થપૂર્ણ યોગદાન આપવાનો છે. એમેઝોન ઈન્ડિયાના કન્ટ્રી મેનેજર સમીર કુમારે આ ભાગીદારી અંગે જણાવ્યું હતું કે, કારીગરો, ઉદ્યોગસાહસિકો અને વિકસતી લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમને ટેકો આપવા માટે ભારત સરકારની આ સંસ્થાઓ સાથે મળીને કામ કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ.

# હરીપુરામાં મિત્રએ જ મિત્રને હનીટ્રેપમાં ફસાવ્યો

**આઠ** મહિના પહેલા એક યુવતીની આઇડી આપી મિત્રતા કરવા કહ્યું

**યુવતીએ** ન્યૂડ વીડીયો મંગાવ્યો અને તેના આધારે બ્લેકમેલ કરવાનું શરુ કર્યું

સુરતઃ હરીપુરા વિસ્તારમાં રહેતા અને પ્રોડકશન આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતાં યુવકને ઈન્સ્ટાગ્રામ પર હનીટ્રેપમાં ફસાવી અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂ.૪૫,૫૦૦ની રકમ પડાવી લેવામાં આવ્યા હતાં. આ મામલે પીડિત યુવકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મિત્ર સહિત બે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ હરીપુરામાં રાકેશ ભરતિયા (નામ બદલ્યું છે) સચિન જીઆઈડીસીમાં આવેલી એક કંપનીમાં પ્રોડક્શન આસિસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. આઠ મહિના પહેલા તેના મિત્ર આરોપી અભિષેક બારોટે "hetvill" નામની યુવતીની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. આપીને મિત્રતા કરવા જણાવ્યું હતું. ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ સંકેત અને "હેતવી" વચ્ચે મેસેજ દ્વારા વાતચીત શરૂ થઈ હતી. થોડા સમય પછી હેતવીએ કોલેજ ફી ભરવાની વાત કહી સંકેત પાસેથી અલગ-અલગ તારીખે કુલ રૂ.૫,૦૦૦ ગુગલ પે દ્વારા ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ હેતવીએ રાકેશને બાથરૂમમાં જઈ કપડા ઉતારી વીડિયો બનાવી મોકલવા કહ્યું હતું, જે રાકેશે મોકલી દીધો હતો.થોડા દિવસ બાદ "hetvill" આઈ.ડી. પરથી તે જ વીડિયો પાછો મોકલી રૂ.૨૦,૦૦૦ની માંગણી કરી, નહીં તો વીડિયો પરિવાર, મિત્રો અને સમાજમાં વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી. બાદમાં રાકેશના મિત્ર અભિષેક બારોટે ફોન કરીને રૂપિયા ટ્રાન્સફર કરવા કહ્યું હતું. ગભરાયેલા રાકેશે ગુગલ પે દ્વારા રકમ ટ્રાન્સફર કરી હતી. આ પછી ફરીથી રૂ.૧૩,૦૦૦ની માંગણી થતા સંકેતે તે રકમ પણ ગૂગલ પે દ્વારા આપી અને રૂ.૭,૫૦૦ રોકડા ચૂકવ્યા હતા. સતત પૈસાની માંગ અને ધમકીઓથી કંટાળી રાકેશે નંબર બ્લોક કરી દીધા હતા, છતાં આરોપી અલગ-અલગ નંબરોથી ફોન કરતો રહ્યો. આખરે ગભરાઈને રાકેશે પોલીસનો સંપર્ક કર્યો.મહિધરપુરા પોલીસે ફરિયાદના આધારે આરોપી અભિષેક બારોટ અને "hetvill" ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ના ધારક સામે ખંડણી, સાયબર ક્રાઈમ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તામિલનાડુમાં મંદિર-મસ્જિદ વિવાદને ચગાવવા પાછળ મતબેંકનું રાજકારણ છે

ભારતભરમાં મંદિર-મસ્જિદના ઝઘડા ઓછા હોય તેમ મદ્રાસ હાઈકોર્ટના આદેશ બાદ તમિલનાડુના મદુરાઈમાં એક હિન્દુ મંદિર અને તેની બાજુમાં આવેલી દરગાહ વચ્ચેનો સદી જૂનો મિલકત વિવાદ પાછો વકર્યો છે, જે કોમી વિવાદોના બળતામાં ઘી ઉમેરે છે. આ વિવાદના મૂળમાં સુબ્રમણ્યમ સ્વામી મંદિર છે, જે શ્રદ્ધાળુઓના મતે ભગવાન મુરુગાનાં છ નિવાસસ્થાનોમાંથી એક છે અને સુલ્તાન સિક્કંદર અવુલિયા દરગાહથી ફક્ત થોડા મીટર દૂર સ્થિત છે. મદ્રાસ હાઈ કોર્ટની મદુરાઈ બેન્ચનો અદાલતના તિરસ્કારનો આદેશ રાજ્યના અધિકારીઓ દ્વારા ૧ ડિસેમ્બરના રોજ દીપથૂન તરીકે ઓળખાતા સ્તંભ પર કાર્તિગાઈ દીપમ તરીકે ઓળખાતો દીવો પ્રગટાવવાના કોર્ટના નિર્દેશનું પાલન કરવામાં નિષ્ફળ ગયા પછી શરૂ થયો હતો, જેના માટે સેન્ટ્રલ ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) અરજદાર અને સમર્થકોને ધાર્મિક વિધિ પૂર્ણ કરવા માટે ટેકરી ઉપર લઈ ગયા હતા. ન્યાયાધીશે આ કૃત્યને પ્રતીકાત્મક પરંતુ જરૂરી ગણાવ્યું હતું અને લખ્યું હતું કે આદેશનો અમલ કરાવવામાં તામિલનાડુ સરકારની નિષ્ફળતા લોકશાહીના મૃત્યુની ઘંટડી ગણાશે.




ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

છેલ્લાં બે વર્ષોમાં હિન્દુ સંસ્થાઓ દ્વારા અરજીઓ, પ્રતિ-અરજીઓ, પોલીસ પ્રતિબંધો, પ્રદર્શનો અને ન્યાયિક નિર્દેશો વડે તિરુપ્પારંકુન્દ્રમ ટેકરી પર વિવાદિત દીપથૂન સ્થળ સાથે જોડાયેલી ધાર્મિક વિધિઓ અને પ્રાદેશિક દાવાઓને પુનર્જીવિત કરવાનો પ્રયાસ થયો છે. હાઈ કોર્ટે તમિલનાડુ સરકારની અદાલતના તિરસ્કારના આદેશને પડકારતી અપીલ ફગાવી દીધી હતી, જેમાં મૂળ નિર્દેશ યથાવત્ રાખવામાં આવ્યો હતો. ગુરુવારે મોડી રાત્રે ભાજપના પ્રદેશ પ્રમુખ નૈનાર નાગેન્દ્રન અને પાર્ટીના વરિષ્ઠ નેતા એચ. રાજાને વિવાદિત સ્થળે પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ સમાચાર ફેલાતાં જ હિન્દુ મુન્નાની નામના સંગઠનના સમર્થકો મંદિર સંકુલ પાસે ભેગાં થયાં હતાં અને તેમણે પથ્થરમારો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા છ અધિકારીઓ ઘાયલ થયા હતા. આ ઘટનાના કલાકો પછી મદુરાઈ જિલ્લા મેજિસ્ટ્રેટે કાયદો અને વ્યવસ્થાની વિકટ પરિસ્થિતિનો ઉલ્લેખ કરીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (CrPC ની કલમ ૧૪૪ ની સમકક્ષ) ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશો લાદ્યા હતા.

સુબ્રમણ્યમ સ્વામી વિવાદમાં મૂળ ઝઘડો ટેકરીના કયા ભાગ પર કોણ નિયંત્રણ કરે છે તે સ્વતંત્રતા પહેલાંનો છે. કોર્ટના રેકોર્ડ અને વહીવટી પત્રવ્યવહાર દર્શાવે છે કે ૧૯૧૫ અને ૧૯૧૬ ની વચ્ચે દરગાહના હુકદારો (સંભાળ રાખનારાઓ) એ ટેકરીમાંથી ખોદેલા પથ્થરોનો ઉપયોગ કરીને નજીકના નેલીટોપ વિસ્તારમાં મંડપમ બનાવવાનો પ્રયાસ કર્યો ત્યારે વિવાદ ફાટી નીકળ્યો હતો. આ મંદિરના અધિકારીઓ મદુરાઈ મીનાક્ષી દેવસ્થાનમ દ્વારા સંચાલિત હતા. તેમણે ૧૮૩૭ના દસ્તાવેજો સહિતના દસ્તાવેજોનો ઉલ્લેખ કરીને વાંધો ઉઠાવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સમગ્ર ટેકરી અને તેની આસપાસનાં ગામડાંઓ તેમની માલિકીનાં છે. બ્રિટિશ યુગના મદુરાઈ કલેક્ટર જી.એફ. પેડિસને મધ્યસ્થીનો પ્રયાસ કર્યો હતો અને બંને સમુદાયો માટે એક સહિયારા આરામગૃહનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. દરગાહના હુકદારો તેમાં સંમત થયા હતા, પરંતુ મંદિરે ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે આ મામલો કોર્ટમાં ઉકેલાવો જોઈએ. ૧૯૨૩માં મદુરાઈમાં ગૌણ ન્યાયાધીશ સમક્ષ અને પછી ૧૯૨૬માં મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ ચાલેલી શ્રેણીબદ્ધ કાર્યવાહી પછી આ કેસ લંડનમાં પ્રિવી કાઉન્સિલની ન્યાયિક સમિતિ સમક્ષ પહોંચ્યો હતો. ૧૯૩૧માં પ્રિવી કાઉન્સિલે ગૌણ ન્યાયાધીશના તારણને સમર્થન આપ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે નેલીટોપ વિસ્તાર અને મસ્જિદના ભૌતિક સ્થળ, તેના ધ્વજદંડ અને પગથિયાં સિવાયની ટેકરી મંદિરની માલિકીની હતી. ચુકાદામાં ટેકરીની ધાર્મિક પ્રાચીનતા પર ભાર મૂકવામાં આવ્યો હતો, તેનો સ્વામીમલાઈ અથવા ભગવાનની ટેકરી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને મંદિર માલિકીનાં કૃત્યોનો ઉપયોગ કરતા દર્શાવતા દાયકાઓના રેકોર્ડનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ રાજકીય દખલગીરી અથવા બહારનાં લોકોની સંડોવણી વિના મોટા ભાગે પૂજારીઓ અને વહીવટકર્તાઓ વચ્ચે વિવાદનું સમાધાન કરવામાં આવ્યું હતું.

દાયકાઓથી સુષુપ્ત રહેલો આ વિવાદ તાજેતરનાં વર્ષોમાં ટેકરી પર ધાર્મિક પ્રથાઓને પડકારતી અથવા પુનર્જીવિત કરતી અરજીઓ વચ્ચે ફરી શરૂ થયો હતો, જેમાં સરઘસો અને તહેવારો દરમિયાન ઔપચારિક અગ્નિ પ્રગટાવવાના સ્થાનનો સમાવેશ થાય છે. આ ફેબ્રુઆરીમાં પ્રસ્તાવિત ધાર્મિક સરઘસો અંગે બીજી સુનાવણી દરમિયાન ન્યાયાધીશ એન. ઇલાન્થિરૈયને પ્રશ્ન કર્યો હતો કે શું વૈકલ્પિક માર્ગ સંઘર્ષ ટાળવામાં મદદ કરી શકે છે. વરિષ્ઠ સરકારી વકીલ હસન મોહમ્મદ ઝીણાએ દલીલ કરી હતી કે નવા માર્ગ અથવા ધાર્મિક વિધિને મંજૂરી આપવાથી સાંપ્રદાયિક જુસ્સાને ઉત્તેજિત કરવામાં આવશે. કોર્ટે કહ્યું કે હિન્દુ મુન્નાની દ્વારા આયોજિત પ્રદર્શનોમાં ભાગ લેનારાંઓ પર રમખાણોનો આરોપ મૂકાયા બાદ બે FIR નોંધવામાં આવી હતી. ન્યાયાધીશે જાહેર શાંતિ અને સુમેળમાં ખલેલ પહોંચાડતાં કોઈ પણ પ્રકારના વિરોધ અટકાવવાનો નિર્દેશ આપ્યો હતો અને સરકારને પહેલાંનો ક્રમ પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી હતી.

આ પૃષ્ઠભૂમિ સામે ગયા અઠવાડિયે સ્થાનિક રહેવાસીઓને બદલે હિન્દુ મુન્નાની અને તેની સાથે સંકળાયેલાં જૂથો સાથે સંબંધો ધરાવતી વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં એક વ્યૂહાત્મક પરિવર્તન આવ્યું હતું. તેમાં ચોક્કસ ધાર્મિક વિધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને પુનઃ પ્રાપ્ત પરંપરા તરીકે ગણાવવામાં આવી હતી. બુધવારના અવમાનના ચુકાદામાં પ્રિવી કાઉન્સિલનાં તારણો સહિત જૂના મુકદ્દમા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં દલીલ કરવામાં આવી હતી કે દીપથૂનમાં દીવો પ્રગટાવવાથી મંદિરની માલિકીની જમીન સાથે જોડાયેલી ઐતિહાસિક પ્રથા ફરી જીવંત થઈ છે. તામિલનાડુની ડીએમકે સરકારે વારંવાર ભાજપ અને સંઘ સાથે જોડાયેલાં સંગઠનો પર તમિલનાડુમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. એક નિવેદનમાં હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ મંત્રી પીકે શેખરબાબુએ આ વર્ષની શરૂઆતમાં કહ્યું હતું કે ભાજપનો ઉદ્દેશ કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ ઊભી કરવાનો અને જાતિ, ધર્મ અને ભાષાના આધારે લોકોને વિભાજીત કરીને ડીએમકે સરકારને પાડી દેવાનો છે. મસ્જિદ લગભગ ૬૦૦ વર્ષથી ટેકરીની ટોચ પર હતી, મંદિર સદીઓથી વધુ સમયથી હતું અને તિરુપ્પારંકુન્દ્રમનાં લોકો સંપૂર્ણ સુમેળમાં રહેતાં હતાં.

રાજ્ય સરકારની અવમાનના હુકમ સામેની અપીલ હવે ફગાવી દેવામાં આવી છે, તેથી કાનૂની સ્થિતિ યથાવત્ છે. ૧ ડિસેમ્બરના રોજ આપવામાં આવેલો મંદિર વહીવટીતંત્રને દીપથૂન ખાતે કાર્તિગાઈ દીપ પ્રગટાવવાનો આદેશ યથાવત્ છે તેમજ જો અધિકારીઓ પાલન કરવામાં નિષ્ફળ જાય તો અરજદારને CISF સુરક્ષા હેઠળ દીવો પ્રગટાવવાની મંજૂરી આપતો અવમાનનો આદેશ પણ યથાવત્ છે. પોતાના ચુકાદામાં, ન્યાયાધીશ જી. જયચંદ્રન અને કે.કે. રામકૃષ્ણનની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે સરકારની અપીલ પ્રક્રિયાગત અને વાસ્તવિક બંને રીતે અયોગ્ય છે. ન્યાયાધીશોએ અપીલને અનાદર ટાળવા માટેનું એક પૂર્વ આયોજિત પગલું ગણાવ્યું હતું. હાઈ કોર્ટની બેન્ચે એ પણ નોંધ્યું હતું કે તામિલનાડુ સરકારે ૩ ડિસેમ્બરના અવમાનના આદેશનું પાલન કર્યું ન હતું અને તેના બદલે પ્રતિબંધક પગલાંનો ઉપયોગ કર્યો હતો, જે અગાઉથી પસાર કરવામાં આવ્યો હતો અથવા આ કોર્ટે મૂળ ફાઇલ મંગાવ્યા પછી તેની સાથે છેડછાડ કરવામાં આવી હતી. હાઈ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે દીપથૂનમાં દીવો પ્રગટાવવો એ હવે ન્યાયિક રીતે પુરવાર થયેલો અધિકાર છે, જે બંધારણના અનુચ્છેદ ૨૫ અને ૨૬ સાથે જોડાયેલો છે. આ આદેશમાં પુનરાવર્તિત કરવામાં આવ્યું છે કે રાજ્ય તંત્ર કોર્ટના ચુકાદાઓને લાગુ કરવાની બંધારણીય જવાબદારી ધરાવે છે અને તેમને ઓવરરાઇડ કરવા માટે પ્રતિબંધક આદેશો પર આધાર રાખી શકતું નથી. ભાજપ રાજકીય રીતે તામિલનાડુ રાજ્ય વિધાનસભાની ચૂંટણીના મહિનાઓ પહેલાં આ વિવાદ પર ફાયદો મેળવવાનો પ્રયાસ કરશે અને હિન્દુ મતદારોને આકર્ષિત કરવાની કોશિશ કરશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**દાયકાઓથી સુષુપ્ત રહેલો આ વિવાદ તાજેતરનાં વર્ષોમાં તિરુપ્પારંકુન્દ્રમ ટેકરી પર, ધાર્મિક પ્રથાઓને પડકારતી અથવા પુનર્જીવિત કરતી અરજીઓ વચ્ચે ફરી શરૂ થયો હતો**

## BUSINESS મિત્ર

# ડિસેમ્બરમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી રહી, અઢી ટકા તૂટયા

**માર્ચ** 2025 અને ઓક્ટોબર 2025ની વચ્ચે, મિડકેપ ઇન્ડેક્સ 21 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 25 ટકા વધ્યો હતો

**ડિસેમ્બરમાં** મિડકેપ ઈન્ડેક્સમાં 2.7 ટકાનો ઘટાડો થયો, સ્મોલકેપ ઈન્ડેક્સમાં 2.8 ટકાનો ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 13:** ડિસેમ્બર મહિનામાં ભારતીય શેરબજાર ઐતિહાસિક સપાટી નજીક પહોંચી હતી, પણ મિડકેપ અને સ્મોલકેપ શેરો માટે ડિસેમ્બર સારો નથી. આ મહિને બંને પ્રકારના શેરો પર વેચાણનું મોટું દબાણ જોવા મળ્યું છે. આ મહિને બીએસઇ મિડકેપ ઈન્ડેક્સમાં 2.7 ટકાનો ઘટાડો થયો છે. ફેબ્રુઆરી 2025 પછી એક જ મહિનામાં આ સૌથી મોટો ઘટાડો છે. આ સમયગાળા દરમિયાન બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ 2.8 ટકાનો ઘટાડો થયો છે. આ સતત બીજો મહિનો છે જ્યારે આ શેરોમાં ઘટાડો થયો છે. બીજી તરફ બજારના મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી એક-એક ટકા મજબૂત થયા છે. મહત્વની વાત એ છે કે મિડકેપ તથા સ્મોલકેપ શેરોમાં આ ઘટાડો ત્યારે થયો છે જ્યારે બીજા ક્વાર્ટરમાં કંપનીઓના પરિણામોમાં આવકની વૃદ્ધિમાં સુધારો થયો છે. કંપનીઓની બેલેન્સશીટ પણ પહેલા કરતા વધુ સારી છે.

પીજીઆઈએમ ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે માર્જિન ટ્રેડિંગ સુવિધાની સ્થિતિને અનવાઈન્ડ કરવાથી બજાર પર દબાણ વધ્યું છે. નવેમ્બરના અંતમાં લાર્જકેપ અને સ્મોલકેપ શેરોના વળતર વચ્ચેનું અંતર વધીને લગભગ 18 ટકા થઈ ગયું છે. 2008થી વળતરમાં ભાગ્યે જ આટલો તફાવત જોવા મળ્યો છે. નિષ્ણાતો કહે છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અનિશ્ચિતતાએ વેલ્યુએશન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બીજું, મજબૂત વળતર પછી મંદી સામાન્ય છે. માર્ચ 2025 અને ઓક્ટોબર 2025ની વચ્ચે, મિડકેપ ઈન્ડેક્સ 21 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 25 ટકા વધ્યો હતો.

હાલમાં, બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ તેની એક વર્ષની ફોરવર્ડ કમાણી કરતા 25.23 ગણા ટ્રેડ કરી રહ્યો છે. આ તેના 10 વર્ષના સરેરાશ મૂલ્યાંકન 23.29 ગણા કરતા ઘણું વધારે છે. બીએસઈ સ્મૉલકેપ ઈન્ડેક્સનું વેલ્યુએશન પણ ઊંચું છે. આ એક વર્ષની ફોરવર્ડ કમાણી કરતા 22.6 ગણો છે, જ્યારે તેની લાંબા ગાળાની સરેરાશ 18.97 ગણી છે. ચોઇસ બ્રોકિંગના એનાલિસ્ટ આકાશ શાહે જણાવ્યું હતું કે, સ્મૉલકેપ અને મિડકેપ શેરોમાં તાજેતરના ઘટાડાનું કારણ નફો, ઊંચા વેલ્યુએશન અને રિસ્ક-ઓફ સેન્ટિમેન્ટને કારણે છે.

તેમણે કહ્યું કે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ઘણી વૃદ્ધિ જોવા મળી છે. જેના કારણે તેમના ભાવો તેમના ફંડામેન્ટલ્સને વટાવી ગયા હતા. હવે ટ્રેડર્સ નફો બુક કરી રહ્યા છે. જો આપણે આરએસઆઈ સિગ્નલની વાત કરીએ તો સ્મોલકેપ શેરો ઓવરસોલ્ડ ટેરિટરીમાં સરકી ગયા છે. આનો અર્થ એ છે કે આ શેરો થાકી ગયા છે. જોકે, હવે ટ્રેન્ડ રિવર્સલની પુષ્ટિ થઇ નથી. 2026ની શરૂઆતમાં માર્કેટ કોન્સોલિડેશનના તબક્કામાં જઇ શકે છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફલાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# એસબીઆઇની ભેટઃ હોમ લોનના ઇએમઆઇ ઘટ્યા

**એક** વર્ષનો એમસીએલઆર હવે 8.75 ટકાથી ઘટીને 8.70 ટકા કરવામાં આવ્યો

**જો કે** દેશની સૌથી મોટી બેંકે કેટલાક પ્રકારની ફિક્સ ડિપોઝીટો પરના વ્યાજદર પણ ઘટાડ્યા

નવી દિલ્હી, તા. 13ઃ થોડાસમય પહેલા રિઝર્વ બેંકે રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આ ઘટાડા પછી જ ઘર ખરીદનારાઓ જાહેર ક્ષેત્રની દેશની સૌથી મોટી બેંક એસબીઆઈ પાસેથી લોનના હપ્તાની રાહ જોઈ રહ્યા હતા અને આખરે તેમની રાહ સમાપ્ત થઈ હતી. એસબીઆઈએ હોમ લોન પરના વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. ઉપરાંત, બેંકે એફડી પરના વ્યાજમાં પણ ઘટાડો કર્યો છે, પરંતુ આ ફેરફારો તમામ થાપણો પર લાગુ થશે નહીં. નવા દરો 15 ડિસેમ્બરથી અમલમાં આવી રહ્યા છે.

પ્રથમ ડિપોઝિટની વાત કરીએ તો, SBIએ રૂપિયા 3 કરોડથી ઓછી મોટાભાગની રિટેલ ડિપોઝિટ પર વ્યાજ દર સ્થિર રાખ્યો છે. જો કે, બેંકે તેની પ્રખ્યાત 44 દિવસની સ્કીમના વ્યાજ દર 6.60 ટકાથી ઘટાડીને 6.45 ટકા કરી દીધા છે. વરિષ્ઠ નાગરિકોની વાત કરીએ તો, વ્યાજ દર ઊંચા રહે છે, પરંતુ 2-3 વર્ષના ડિપોઝિટ સ્લેબ 6.95 ટકાથી સહેજ ઘટાડીને 6.90 ટકા કરવામાં આવ્યા છે. આ જ કાર્યકાળમાં, 60 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે એફડી દર 6.45 ટકાથી ઘટાડીને 6.40 ટકા કરવામાં આવ્યા છે.

થાપણોના કિસ્સામાં, સામાન્ય લોકોને આંચકો લાગ્યો છે, પરંતુ લોનના હપ્તાના કિસ્સામાં પણ રાહત મળી છે. એસબીઆઈએ તમામ કાર્યકાળના એમસીએલઆરમાં 5 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. મોટાભાગની લોન માટે મહત્વપૂર્ણ બેન્ચમાર્ક એક વર્ષનો એમસીએલઆર હવે 8.75 ટકા પરથી ઘટીને 8.70 ટકા થઈ ગયો છે. બીજી તરફ, બેંકે ઈબીએલઆરમાં તીવ્ર ઘટાડો કર્યો છે, જે હોમ લોન જેવી મોટાભાગની ફ્લોટિંગ રેટ રિટેલ લોન પર લાગુ પડે છે. બેંકે ઈબીએલઆર 8.15 ટકાથી ઘટાડીને 7.90 ટકા કરી દીધો છે. તે જ સમયે, બેંકે લેગસી લોનર્સ માટે તેનો બેઝ રેટ પણ 10.00 ટકાથી ઘટાડીને 9.90 ટકા કર્યો છે.

આરબીઆઈએ આ વર્ષે 2025ની છેલ્લી નાણાકીય નીતિઓમાં રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો, ત્યારબાદ રેપો રેટ હવે ઘટીને 5.25 ટકા થઈ ગયો છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૬૨૬૦ |
| તેજાબી સોનું | ૧૩૬૧૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૯૪૫૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૩૫૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૬૨૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૩૪૦૦ |
| ચાંદી સિક્કા | ૧૯૪૯૦૦ |

# રેડ સમયે જણાયેલ વધુ સ્ટોક કલમ 130 હેઠળ જપ્ત કરી સરકાર માલિક ન બની શકે

### નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

GST કાયદાની કલમ 167 અનુસાર સ્થળ તપાસ દરમ્યાન ચોપડા મુજબના સ્ટોક કરતા હાજર માલ સ્ટોક કલમ 130 હેઠળ જપ્ત કરીને સરકારને તેના માલિક નહીં બનાવી શકે તેવો ચૂકાદો નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે પીપી પોલીપ્લાસ્ટ પ્રા.લી.વિ. એડિશનલ કમિશ્નર/ રીટ ટેક્ષ નં. 183/2024 ના કેસમાં તા. 30/7/24ના રોજ આપેલ હતો, જે ચૂકાદા સામે રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશિયલ લીવી પીટીશન દાખલ કરવામાં આવતા ના. સુપ્રિમકોર્ટો એડિશનલ કમિશ્નર વિ.પી.પી. પોલીપ્લાસ્ટ પ્રા.લી.ના કેસમાં તા. 15-4-25ના રોજ કરવાનો ઈન્કાર કરેલ છે. આમ રેડ સમયે જણાયેલ વધારાના સ્ટોકને કલમ 130 હેઠળ જપ્ત કરીને સરકારને તેના માલિક ન બનાવી શકાય એવા ના. અલ્હાબાદ હાઈકોર્ટના બંધનકર્તા ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

કંપનીનો ધંધો પી.પી. બેગ્સ, કોથળા વિ.નું ઉત્પાદન કરીને વેચાણ કરવાનો છે. કંપનીના ધંધાના સ્થળ પર ખાતા તરફથી તપાસ કરવામાં આવેલ અને વાસ્તવિક વજન કર્યા વગર આંખની ગણત્રીથી હાજર માલની ગણત્રી કરવામાં આવેલ અને નક્કી કરવામાં આવ્યું કે હાજર સ્ટોક

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

ચોપડા મુજબના સ્ટોક કરતા વધુ છે અને વધુ જણાયેલ માલ સ્ટોકને જપ્ત કરીને તેની માલિકી સરકારની કરવાની કાર્યવાહી કલમ 130 હેઠળ કરવામાં આવી, જેતે કંપની તરફથી રીટ-પીટીશન કરીને પડકારવામાં આવી.

કંપની તરફથી વિધ્વાન કાઉન્સેલે રજૂઆત કરતા જણાવ્યું કે માલ સ્ટોકની ગણત્રી ખરેખર તોલમાપ કરીને કરવામાં આવેલ ન હતી. જો માલ સ્ટોક વધુ જણાય તો અધિકારી કલમ 73 કે 74 હેઠળ કાર્યવાહી કરી શકે. પરંતુ કલમ 130 હેઠળ માલને જપ્ત કરીને સરકારને તેનો માલિક નહીં બનાવી શકે અને રજૂઆતના સમર્થનમાં ના.હાઈકોર્ટના દિનેશકુમાર પ્રદીપકુમારના તા. 25-7-24ના રોજ આપવામાં આવેલ ચૂકાદા પર આધાર લેવામાં આવ્યો.

ના.હાઈકોર્ટે જણાવ્યું કે તેમના દ્વારા અગાઉ પણ અનેક ચૂકાદાઓ આપવામાં આવ્યા છે, જેમાં ઠરાવવામાં આવેલ છે કે જો સ્થળ તપાસ દરમ્યાન હાજર માલ સ્ટોક વધુ જણાય તો અધિકારી કલમ 73 કે 74 હેઠળ કાર્યવાહી કરી શકે પરંતુ કલમ 130 હેઠળ માલ જપ્ત કરીને સરકારને તેનો માલિક બનાવવા કાર્યવાહી ન કરી શકે. એમ જણાવી ઠરાવ્યું કે આ અંગે કાયદો સ્પષ્ટ છે કે સર્વે દરમ્યાન વધુ સ્ટોક જણાય તો કલમ 130 હેઠળ કાર્યવાહી ન થઇ શકે એમ જણાવી કંપની વિરૂધ્ધ કલમ 130 હેઠળ પસાર કરવામાં આવેલ આદેશ ના. હાઈકોર્ટે દૂર કરેલ અને...

ઉપર જણાવ્યું તેમ ના.હાઈકોર્ટના ચૂકાદા વિરૂધ્ધની સ્પેશિયલ લીવ પીટીશન ના. સુપ્રિમકોર્ટે, દખલ કરવાનો ઈન્કાર કરી ડિસમીસ કરી, ના. અલ્હાબાદ હાઈકોર્ટના ચૂકાદાને મંજૂરી આપી છે.

# જીએસટી ઘટાડ્યા પછીના મહિનામાં પેસેન્જર વાહનોના વેચાણમાં વધારો

**નવેમ્બરમાં** 4.12 લાખથી વધુ પેસેન્જર વાહનોનું વેચાણ થયું

નવી દિલ્હી, તા. 13ઃ ગયા વર્ષે નવેમ્બરની સરખામણીમાં આ વર્ષે નવેમ્બરમાં પેસેન્જર વાહનોનું વેચાણ 18.7 ટકા વધુ થયું હતું. પેસેન્જર, ટુ-વ્હીલર અને થ્રી વ્હીલરની નિકાસમાં પણ ગયા મહિને 96.3 ટકાનો વધારો થયો હતો. ટુ-વ્હીલરનું જથ્થાબંધ વેચાણ પણ નવેમ્બરમાં 21 ટકા વધીને 1944475 યુનિટ પર પહોંચ્યું હતું.

દેશમાં પેસેન્જર વાહનોનું જથ્થાબંધ વેચાણ નવેમ્બર 2025માં વાર્ષિક ધોરણે 18.7 ટકા વધીને 412405 યુનિટનો નવો રેકોર્ડ થયો છે, કારણ કે તહેવારોની મોસમ પછી પણ મજબૂત માંગ ચાલુ રહી છે. ગયા વર્ષે નવેમ્બરમાં કુલ 347522 પેસેન્જર વાહનોનું વેચાણ થયું હતું.

સિયામે જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, દેશની સૌથી મોટી ઓટો ઉત્પાદક મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ ગયા મહિને કુલ 170971 પેસેન્જર વાહનોનું વેચાણ કર્યું હતું. આ નવેમ્બર, 2024માં વેચાયા 141312 પેસેન્જર વાહનો કરતાં 21 ટકા વધુ છે.